TATA SHAKTEE GC SHEET
JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets
ISC Indian Steel Corporation Ltd.
durashine TATA BLUESCOPE STEEL
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?
ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અષાઢ વદ નોમ શુક્રવાર ૭ ઓગષ્ટ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૪૪

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

# જેન ઝી આપણી પેઢી કરતાં વધુ દેશભક્ત : ભાગવત

**મને** જેન ઝી-જેન આલ્ફા પર આંધળો વિશ્વાસ, વિરોધ કરવાથી તેઓ રાષ્ટ્રવિરોધી નથી બની જતા : RSS વડા

**લોકશાહીમાં** વિરોધ એ સંવાદનું કાયદેસરનું સ્વરૂપ, તેનો હેતુ મતભેદનો નહીં પણ સર્વસંમતિ સાધવાનો હોવો જોઈએ

**મુંબઈ, તા. 06 :** રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) ના વડા મોહન ભાગવતે ગુરુવારે ભારતની યુવા પેઢીને મજબૂત સમર્થન આપતા કહ્યું કે તેઓ જેન-ઝી પર આંધળો વિશ્વાસ કરશે અને ભારપૂર્વક જણાવ્યું કે વિરોધ પ્રદર્શનોમાં ભાગ લેતા વિદ્યાર્થીઓને રાષ્ટ્રવિરોધી ગણાવવા જોઈએ નહીં. તેમણે કહ્યું હતું કે જેન-ઝી અને જેન-આલ્ફા જૂની પેઢી કરતાં વધુ દેશભક્ત અને પ્રામાણિક છે. મુંબઈમાં ભારતના ઈન્ટરનેશનલ મૂવમેન્ટ ટુ યુનાઈટેડ નેશન્સ (IIMUN) ની 15મી વર્ષગાંઠની ઉજવણીમાં લગભગ 2,000 જેન ઝી અને જેન આલ્ફા સભ્યોને સંબોધતા, ભાગવતે કહ્યું કે યુવા પેઢી સત્તા પર પ્રશ્ન ઉઠાવવા બદલ ન્યાય કરવાને બદલે સંવાદ દ્વારા સાંભળવાને પાત્ર છે. ભાગવતે કહ્યું કે હું સ્પષ્ટ કરવા માંગુ છું કે જો જનરલ ઝેડ કોઈપણ આંદોલનમાં જોડાય છે, તો તેઓ રાષ્ટ્રવિરોધી નથી. તેઓ આપણા પોતાના લોકો છે; તેઓ આપણી આગામી પેઢી છે. વાતચીત થાય તે માટે એકબીજાને ઓળખવા અને આદર આપવાની

...અનુસંધાન પાના 15 પર




## અનામત ચાલુ રહેશે, ઉત્થાન પામેલા લોકોએ તેના લાભ છોડવા જોઈએ : RSS વડા

મુંબઇ : જાતિ આધારિત અનામત અંગે ફરી ચર્ચા અને રસ્તા પરના વિરોધ પ્રદર્શનો વચ્ચે , RSS વડા મોહન ભાગવતે ગુરુવારે કહ્યું કે અનામત સામાજિક સમાનતા લાવવા માટે હતું અને અસમાનતા ચાલુ રહે ત્યાં સુધી ચાલુ રહેશે. જોકે, ભાગવતે કહ્યું કે જેમણે અનામતથી લાભ મેળવ્યો છે તેઓએ લાભો છોડી દેવા માટે પૂરતા ઉદાર હોવા જોઈએ. તેમણે ઉમેર્યું કે કેટલાક અનામત લાભાર્થીઓમાંથી આવી લાગણીઓ ઉભરી રહી છે. મુંબઈમાં નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટર ખાતે 2,000 જેન ઝી અને જેન આલ્ફા યુવાનોની હાજરીમાં શિક્ષણ અને રોજગારમાં અનામત ઘટાડવાનો સમય આવી ગયો છે કે કેમ તે અંગેના પ્રશ્નના જવાબમાં, ભાગવતે કહ્યું કે આ મુદ્દાને બીઆર આંબેડકરના દૃષ્ટિકોણથી જોવો જોઈએ, જ્યાં સુધી સામાજિક ભેદભાવ ચાલુ રહેશે ત્યાં સુધી ક્વોટા જરૂરી રહેશે. શું અનામત અનિશ્ચિત સમય માટે ચાલુ રાખવી જોઈએ કે પાછી ખેંચી લેવી જોઈએ, ભાગવતે સીધો હા-ના જવાબ આપવાનો ઇનકાર કર્યો હતો. ભાગવતે કહ્યું કે હું તમને સીધો જવાબ નહીં આપું. હું તમને ડો. બાબાસાહેબ આંબેડકરના અનામત વિશેના વિચારો પર જવા માટે કહીશ. જો આપણે પ્રામાણિકપણે તેમની સલાહનું પાલન કરીએ, તો કોઈ સમસ્યા નથી. તેમણે એવું કહ્યું હતું કે સામાજિક કારણોસર અનામત અસ્તિત્વમાં છે. જ્યાં સુધી સામાજિક ભેદભાવ રહેશે ત્યાં સુધી અનામત ચાલુ રહેશે.

**જો આપણે પ્રામાણિકપણે ડો. આંબેડકરની સલાહનું પાલન કરીએ, તો કોઈ સમસ્યા નથી : મોહન ભાગવત**

## સૂર્યને આવો તમે ક્યારેય નહીં જોયો હોય

# વૈજ્ઞાનિકોએ સૂર્યની સપાટીના સૌથી વધુ રિઝોલ્યુશન અવલોકન કેપ્ચર કર્યાં

**સૂર્યના** અદ્ભૂત વીડિયો અને ફોટા હવાઈમાં NSF ઇનોયે સોલર ટેલિસ્કોપનો ઉપયોગ કરીને લેવામાં આવ્યા

**વૈજ્ઞાનિકોના** મતે સૂર્ય અંગેના તેમના નવા અવલોકનો કંઈક એવું જાહેર કરે છે જે પહેલાં ક્યારેય જોવા મળ્યું નથી



■ વૈજ્ઞાનિકોએ સૂર્યની સપાટીની અત્યાર સુધીની સૌથી વધુ રિઝોલ્યુશનવાળી છબીઓ કેપ્ચર કરી છે, જે પહેલાં ક્યારેય ન જોયેલા પેટર્ન જાહેર કરે છે.



**સંશોધકો કહે છે કે આ સર્પાકાર વમળ એવા એન્જિન હોઈ શકે છે જે સૌથી વધુ હિંસક અવકાશ હવામાનને ચલાવે છે, જેમાં સૌર જ્વાળાઓનો સમાવેશ થાય છે જે પૃથ્વી પરના સંદેશાવ્યવહારને તોડી શકે છે.**



■ સંશોધકોએ તસવીરોની તુલના અત્યંત વિશિષ્ટ કમ્પ્યુટર સિમ્યુલેશન સાથે કરી જેથી ગતિશીલતાને સમજવામાં મદદ મળે જે સામાન્યરીતે માપવામાં અશક્ય હોય છે.

**નવી દિલ્હી, તા. 06 :** વૈજ્ઞાનિકોએ સૂર્યના અત્યાર સુધીના સૌથી ઉચ્ચ-રિઝોલ્યુશન અવલોકનો કેદ કર્યા છે, જેમાં આશ્ચર્યજનક નવી વિગતો બહાર આવી છે. આ અદ્ભુત વીડિયોઝ અને ફોટા હવાઈમાં NSF ઇનોયે સોલર ટેલિસ્કોપનો ઉપયોગ કરીને લેવામાં આવ્યા હતા , જે વિશ્વના સૌથી શક્તિશાળી સૌર ટેલિસ્કોપ છે. તે આપણા ઘરના તારાના દૃશ્યમાન બાહ્ય સ્તરમાં, ઠંડા સૂર્યસ્પોટની ધાર પર ચુંબકીય રીતે તોફાની વિસ્તાર દર્શાવે છે. અત્યાધુનિક સિમ્યુલેશન્સ સાથે મળીને, સંશોધકો કહે છે કે તેમના નવા અવલોકનો કંઈક એવું જાહેર કરે છે જે પહેલાં ક્યારેય જોવા મળ્યું નથી. નેચરમાં પ્રકાશિત થયેલા એક નવા પેપરમાં, વૈજ્ઞાનિકોએ 'કેલ્વિન-હેલ્મહોલ્ટ્ઝ ઇન્સ્ટેબિલિટી' (KHI) નામની ઘટનાની પ્રથમ 'સ્પષ્ટ' ઓળખનું વર્ણન કર્યું છે. આ સૂર્યની સપાટી પર વમળ જેવા દેખાતા ફરતા પેટર્ન છે, જે પ્રવાહી એકબીજાની પાછળથી જુદી જુદી ઝડપે સરકતી વખતે બને છે. સંશોધકોના મતે, આ સર્પાકાર વમળો સૌથી હિંસક સૌર હવામાનને સમજવાની

...અનુસંધાન પાના 15 પર

## દિલ્હી ડાયરી

### નીતિન ગડકરીની ત્વરિત કાર્યવાહી

કેરળના કોંગ્રેસ સાંસદ શફી પરમબિલ ગઈકાલે કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીને એક ફરિયાદ સાથે મળવા પહોંચ્યા ત્યારે ગડકરીજીએ પોતાની 'એક્શન ઓરિએન્ટેડ' (પરિણામલક્ષી) છબીને સાર્થક કરી બતાવવી. પોતાના પક્ષે શફીએ ગડકરીનું ધ્યાન દોર્યું કે તેમના વડકરા મતવિસ્તારમાં ભારે વરસાદને કારણે નિર્માણાધીન રાષ્ટ્રીય રાજમાર્ગ પર ઘણા સ્થળોએ જમીન ધસી ગઈ છે અને પ્રોટેક્શન વોલ તૂટી પડી છે, જેના કારણે તેમને સ્થાનિક મતદારોના આક્રોશનો સામનો કરવો પડી રહ્યો છે. પોતાની વાત મજબૂતીથી મૂકવા માટે, શફીએ રસ્તાની દયનીય સ્થિતિ માટે બંનેને જવાબદાર ઠેરવતા મીમ્સ અને વીડિયો પણ મંત્રીજીને બતાવ્યા. આ ફરિયાદને ધ્યાને લઈ મંત્રી તાત્કાલિક એક્શનમાં આવ્યા હતા. તેમણે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એનએચએઆઈ) ના અધિકારીઓને બોલાવ્યા. તેમણે અધિકારીઓને સાંસદની ફરિયાદોની તાત્કાલિક નોંધ લેવા અને કોઈપણ વિલંબ વગર તેનો ઉકેલ લાવવા માટે સૂચના આપી.

**અખિલેશયાદવનુંફાકડુંઅંગ્રેજી**

કાગળ પર વિરોધ પક્ષોનું ઇન્ડિયા ગઠબંધન અસ્તિત્વમાં

...અનુસંધાન પાના 15 પર

### તા. ૦૬-૦૮-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | 0.0 મીમી | ૫૩૩ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | 33.0 સે. | ૨૭.૪ સે. | ૭૭% |

# તહેલકાના સ્થાપક તરુણ તેજપાલ રેપ કેસમાં દોષિત : 10 વર્ષની સજા

**તેજપાલને** નિર્દોષ જાહેર કરતા ગોવાની સેશન્સ કોર્ટના ચુકાદાને બોમ્બે હાઇકોર્ટે રદ કર્યો, રૂ. 10, 21000નો દંડ પણ ફટકાર્યો

**2013ના** મહિલા સહકર્મી પરના રેપ કેસમાં બોમ્બે હાઇકોર્ટના આ ચુકાદાને તેજપાલ સુપ્રીમ કોર્ટમાં પડકારશે



**પણજી, તા. 6:** તેહલકા મેગેઝીન અને મીડિયા ગૃહના સ્થાપક અને ભૂતપૂર્વ તંત્રી તરુણ તેજપાલને ૨૦૧૩માં પોતાની એક મહિલા સહકર્મી પર બળાત્કાર ગુજારવા બદલ બોમ્બે હાઈકોર્ટે ગુરુવારે દોષિત ઠેરવ્યા છે. અદાલતે પાંચ વર્ષ પહેલાં ગોવાની સેશન્સ કોર્ટ દ્વારા તેમને નિર્દોષ જાહેર કરવાના આદેશને રદ કરીને ૧૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે.

હાઈકોર્ટની ગોવા બેંચના ન્યાયમૂર્તિ નીલા ગોખલે અને અમિત જામસંડેકરની પીઠે શરૂઆતમાં તેજપાલને બે અઠવાડિયામાં આત્મસમર્પણ કરવાનો આદેશ આપ્યો હતો, પરંતુ તેમના વકીલોની વિનંતી બાદ કોર્ટે સમયગાળો વધારીને ચાર અઠવાડિયાં કર્યો હતો. કોર્ટે લઘુત્તમ સજા ફટકારતી વખતે નોંધ્યું હતું કે આ ઘટના ૧૩ વર્ષ પહેલાં બની હતી અને ત્યારથી તેજપાલે અન્ય કોઈ ગુનો કર્યો નથી. કોર્ટે અવલોકન કર્યું કે, બંને પક્ષો (પીડિતા અને તેજપાલ) હવે જીવનમાં આગળ વધી ગયા હશે. અદાલતે તેજપાલ પર રૂ.

...અનુસંધાન પાના 15 પર

### પીડિતાનું વર્તન અમુક પ્રકારનું જ હોવું જોઇએ તે ધારણા ખોટી: હાઇકોર્ટ

તરૂણ તેજપાલને નિર્દોષ છોડી મૂક્તા ટ્રાયલ કોર્ટના ૨૦૨૧ના ચુકાદાને હાઇકોર્ટે "વિકૃત" ગણાવ્યો હતો અને એ ધારણાનો શિકાર બનવા બદલ તેની આકરી ઝાટકણી કાઢી હતી કે આવા કેસોમાં ફરિયાદી "પરફેક્ટ વિક્ટિમ"(સંપૂર્ણ પીડિતા) હોવી જોઈએ અને વિશ્વસનીય લાગવા માટે તેણે એક ચોક્કસ પ્રકારે જ વર્તન કરવું પડે. ગોવાની સેશન્સ કોર્ટનું નિરીક્ષણ એવું હતું કે ફરિયાદ નોંધાવનાર પીડિતાના

...અનુસંધાન પાના 15 પર

# CJP આવતા મહિને 'ક્યા બોલતી પબ્લિક' અભિયાન શરૂ કરશે : દીપ્કે

**CJP** એક પ્રેશર ગ્રુપ તરીકે કામ કરીને શિક્ષણ અને બેરોજગારી જેવા મુદ્દે દેશના રાજકીય પ્રવાહને બદલવા માગે છે

**લોકો** હવે રસ્તા પર આવશે અને અન્ય નેતાઓનાં રાજીનામાંની માંગ કરશે : કોકરોચ જનતા પાર્ટી

**છત્રપતિ સંભાજીનગર, તા. 6 (PTI) :** કોકરોચ જનતા પાર્ટી (સીજેપી) આવતા મહિને દેશભરના લોકો સાથે સંવાદ સાધવા અને તેમની સમસ્યાઓ જાણવા માટે 'ક્યા બોલતી પબ્લિક' ઝુંબેશ શરૂ કરશે, તેમ તેના સ્થાપક અભિજીત દીપ્કેએ આજે ગુરુવારે જણાવ્યું હતું. મહારાષ્ટ્રમાં પોતાના હોમટાઉન છત્રપતિ સંભાજીનગરમાં સીજેપીની કોર ટીમની બેઠક પૂર્ણ થયા બાદ એક પત્રકાર પરિષદને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે, સીજેપી એક દબાણ જૂથ (પ્રેશર ગ્રુપ) તરીકે કામ

...અનુસંધાન પાના 15 પર



### CJPની ટીમને મળવા ન દેવાતાં દીપ્કેના ઘર બહાર બે યુવકનું વિરોધ પ્રદર્શન

છત્રપતિ સંભાજીનગર, તા. ૬ (PTI) દિલ્હીમાં ગયા મહિને થયેલા વિદ્યાર્થી આંદોલનનો ભાગ હોવાનો દાવો કરનાર બે યુવાનોએ ગુરુવારે મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરમાં અભિજિત દીપ્કેના ઘર બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું અને આક્ષેપ કર્યો હતો કે, તેમને સીજેપીની કોર ટીમ સાથે મળવા દેવામાં આવ્યા ન હતા. યુવાનોની આગેવાની હેઠળની ચળવળ 'કોકરોચ જનતા પાર્ટી' (સીજેપી) લોકશાહી ઢબે ચાલવી જોઈએ અને જે લોકોએ આંદોલનમાં ભાગ લીધો

...અનુસંધાન પાના 15 પર

### જેન-ઝીને રિઝવવા કોંગ્રેસના વરિષ્ઠ નેતા પણ ઇન્સ્ટાગ્રામના શરણે

# રાહુલ ગાંધીએ ઈન્સ્ટાગ્રામ પર 'મને કંઈ પણ પૂછો' સેશન શરૂ કર્યું

**રાહુલે** આપેલા બે પ્રશ્નોના જવાબની વીડિયો ક્લિપ્સ પણ કોંગ્રેસે જારી કરી

**નવી દિલ્હી, 6 (PTI):** 'જેન-ઝી' સુધી પહોંચવાના એક નવા પ્રયાસના ભાગરૂપે, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ગુરુવારે ઈન્સ્ટાગ્રામ પર "Ask Me Anything" (મને કંઈ પણ પૂછો) સેશન શરૂ કર્યું હતું. આ દરમિયાન તેમણે ઝારખંડમાં વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન સહિતના અનેક પ્રશ્નોના જવાબો આપ્યા હતા અને ભારપૂર્વક કહ્યું હતું કે દરેક સરકારે વિદ્યાર્થીઓ શું કહી રહ્યા છે તે સાંભળવું જોઈએ.

ગાંધીએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ દ્વારા યુવાનોને પ્રશ્નો પૂછવા માટે આમંત્રિત કર્યા હતા અને કહ્યું હતું કે તેઓ શક્ય તેટલા વધુ પ્રશ્નોના જવાબો આપશે. X પર પોતાની આ ઈન્સ્ટાગ્રામ પહેલની લિંક શેર કરતા રાહુલ ગાંધીએ લખ્યું,

...અનુસંધાન પાના 15 પર

# ભારતના કાયદાનું પાલન સહિતના મુદ્દે મેટાની ટીમની IT મંત્રાલય દ્વારા પૂછપરછ

**ભારતના** કાયદાનું પાલન, ગેરકાયદે સામગ્રી રોકવાના પગલાઓ સહિત અનેક મુદ્દાઓ પર મેટાની ગ્લોબલ ટીમની પૂછપરછ કરાઇ

**ખુદ** આઇટી મંત્રી અશ્વિની વૈષ્ણવે પણ કેટલીક પૂછપરછ કરી, મંત્રાલયની ટેકનીકલ ટીમો દ્વારા પણ તેમની સાથે બેઠક

**નવી દિલ્હી, 6 (PTI) :** તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ફેસબુક પોસ્ટ પર અસ્થાયી પ્રતિબંધ લાદવામાં આવ્યા બાદ સોશિયલ મીડિયા કંપનીને સમન્સ પાઠવવામાં આવ્યા હતા. ત્યારપછી, મુલાકાતે આવેલી મેટાની ટીમ દેશના કાયદાનું પાલન કરી રહી છે કે નહીં તે અંગે સરકાર તેમની પૂછપરછ કરી રહી છે, તેમ ગુરુવારે સુત્રોએ જણાવ્યું હતું. સરકાર અને મેટાની ગ્લોબલ ટીમ વચ્ચે હાલમાં ચર્ચા ચાલી રહી છે. સરકારી સૂત્રોના જણાવ્યા

...અનુસંધાન પાના 15 પર

### ગેરકાયદે સામગ્રીને રોકવા પોતે સંપૂર્ણ સજ્જ નહીં હોવાનું મેટાએ સ્વીકાર્યું : સરકારી સૂત્રો

બેઠક પછી, સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે મેટાના એક્ઝિક્યુટિવ્સે બાળકોના જાતીય શોષણની સામગ્રી અને ડીપફેક્સ સાથે જોડાયેલી નિષ્ફળતાઓનો સ્વીકાર કર્યો હતો અને કબૂલ્યું હતું કે "એક ચોક્કસ પ્રકારની સામગ્રીને પ્રોત્સાહન કરવા માટે ખૂબ પૈસા ચૂકવવામાં આવ્યા હતા."જાણવા

...અનુસંધાન પાના 15 પર

# વિમાનના ઈંધણમાં ઈથેનોલ ભેળવવાની કોઈ યોજના નથી : સરકાર

**ATFમાં ઇથેનોલ** મિશ્રિત કરવાની હિલચાલ થઇ રહી હોવાના કેજરીવાલના દાવાને નાગરિક ઉડ્ડયન મંત્રીએ ફગાવ્યો

**નવા દિલ્હી, તા. 06 (PTI) :** નાગરિક ઉડ્ડયન પ્રધાન કે. રામમોહન નાયડુએ ગુરુવારે જણાવ્યું હતું કે એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF) સાથે ઈથેનોલ મિશ્રિત કરવાનો કોઈ પ્રસ્તાવ નથી અને ઉડ્ડયન સલામતી અંગે અફવાઓ ફેલાવવાથી હવાઈ મુસાફરોમાં બિનજરૂરી ચિંતા ઊભી થાય છે. દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કેન્દ્ર સરકાર ATFમાં ઈથેનોલ મિશ્રિત કરવાની યોજના બનાવી રહી હોવાનો દાવો કર્યા બાદ તેમની આ ટિપ્પણી સામે આવી છે. કેજરીવાલે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, સૂત્રો સૂચવે છે કે મોદી સરકાર એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF)માં ઈથેનોલ મિશ્રિત કરવાની યોજના બનાવી રહી છે. નિષ્ણાતોનું કહેવું છે કે આનાથી ફ્લાઈટ્સની સલામતી ગંભીર રીતે જોખમાઈ શકે છે. નાયડુએ જણાવ્યું હતું કે સરકાર ATF સાથે ઈથેનોલ મિશ્રિત કરવાની યોજના બનાવી રહી છે તે દાવો સંપૂર્ણપણે ખોટો અને

...અનુસંધાન પાના 15 પર